# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# સિન્ડિકેટની સભા
# સિન્ડિકેટની સભા (ગુરુવાર, તારીખ:૦૯/૦૫/૨૦૧૯)
# કાર્યનોંધ

સિન્ડિકેટની તાકીદની સભા, તારીખઃ ૦૯/૦૫/૨૦૧૯, ગુરુવારના રોજ બપોરના ૦૧:૦૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

ક્રમ સભ્યશ્રીઓના નામ

૧) ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી)
૨) ડૉ. કે.સી.પટેલ
૩) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ
૪) શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ
૫) શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ
૬) શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાયી
૭) ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી
૮) ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી
૯) શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ
૧૦) શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ
૧૧) શ્રી મનિષ એસ. પટેલ
૧૨) શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ
૧૩) શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ
૧૪) શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

૧) ડાયરેક્ટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય
૨) ડાયરેક્ટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન
૩) જોઇન્ટ ડાયરેક્ટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય)
૪) ડૉ. વિજયસિંહ એમ.વનાર
૫) ડૉ. ભાવેશ ડી. પટેલ
૬) શ્રી અલ્પેશ હરીશભાઇ પુરોહીત(પત્રથી જાણ કરી)
૭) ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી
૮) શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ
૯) શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ
૧૦) શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ
૧૧) શ્રી રાહુલ આનંદ દલાલ
૧૨) શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

૧. જૂન-૨૦૧૯થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ માટે તા.૧૪/૦૫/૨૦૧૯ના રોજ ઓનલાઇન એડમિશન પ્રક્રિયા શરૂ થનાર છે, તેથી વિવિધ કોલેજો અને અભ્યાસક્રમોની માહિતી યુનિવર્સિટીની website પર મૂકવાની છે તે અંગે વિચારણા કરવા બાબત.

સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી દ્વારા નિમેલ સમિતિએ આપેલ અહેવાલ સ્વીકારવો અને જૂન-૨૦૧૯થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ માટે તા.૧૪/૦૫/૨૦૧૯ના રોજ ઓનલાઇન એડમિશન પ્રક્રિયા શરૂ થનાર છે, તેમાં સમિતિએ આપેલ અહેવાલ પ્રમાણે માહિતી અપડેટ કરી યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવી.

વધુમાં જે તે અભ્યાસક્રમોની ઇન્ટેકમાં ઘટાડો કરવામાં આવ્યો છે, તેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરી એપ્રુવલ મેળવવાની રહેશે, અન્યથા વર્ષઃ૨૦૨૦-૨૧ની સદર અભ્યાસક્રમો **'નો એડમિશન ઝોન'** માં મૂકવામાં આવશે. શૈક્ષણિક વર્ષઃ૨૦૧૯-૨૦ માટે ઘટાડેલ ઇન્ટેકની સામે જો ભવિષ્યમાં ઇન્ટેક્માં વધારો કરવાની જરૂર જણાશે, તો સંબંધકર્તા અભ્યાસક્રમની ઇન્ટેક મુજબ વધારો કરી આપવામાં આવશે, જે અંગે કોઇપણ પ્રકારની ફી લેવામાં નહી આવે.

કોલેજોના એફીલીએશન અને ટ્રસ્ટની પોતાની/ભાડાપટ્ટાની જમીન બાબતે યુનિવર્સિટીના ઓર્ડિનન્સ અન્વયે કુલપતિશ્રીએ સભાગૃહને નીચે પ્રમાણે માહિતી આપી હતી.

યુનિવર્સિટી દ્વારા ત્રણ ટ્રસ્ટ પાસેથી પોતાની/ભાડાપટ્ટાની બાબતે માહિતી મંગાવી પૂર્તતા કરવા જરૂરી પત્રવ્યવહાર કર્યો છે અને બે ટ્રસ્ટ આણંદ મર્કન્ટાઇલ સેવા સમાજ ટ્રસ્ટ,આણંદ અને આણંદ અર્બન એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદે જમીનના ભાડાપટ્ટે રીન્યુઅલ બાબતે સ્પષ્ટતા કરી છે. જ્યારે આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદ દ્વારા તેઓની હયાત કોલેજોની જમીન રીન્યુઅલ બાબતે સ્પષ્ટતા મળી નથી. સદર ટ્રસ્ટે હાલ જે જમીન ઉપર તેઓના ટ્રસ્ટ દ્વારા જે કોલેજોના મકાનનું બાંધકામ થયેલ, જે આણંદ નગરપાલીકા હસ્તક છે, અને તે જમીન માટે ભાડાપટ્ટેના રીન્યુઅલ માટે આણંદ નગરપાલીકાએ જ.બો.ઠ નંઃ૭૦ તારીખઃ30/06/૨૦૧૨થી મનાઇ ફરમાવી છે, તેના સંદર્ભમાં R/SPECIAL CIVIL APPLICATION NO./6005 /2019(CONVERTED FROM S.C.A/10137/2019 DATED:25/03/2019) થી હાઇર્કોટ માં અવકુડા અને આણંદ મ્યુન્સીપાલીટી, આણંદને પાર્ટી બનાવી પીટીશન દાખલ કરી તા.૨૦/૦૬/૨૦૧૯ સુધી હાઇર્કોટમાંથી વચગાળાની રાહત મેળવી છે, પરંતુ સદર બાબત યુનિવર્સિટીને સ્પર્શતી નથી. આ સંજોગોમાં જૂન-૨૦૧૯થી શરુ તથા શૈક્ષણિક વર્ષ માટે હવે આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદ બાબતે શું કાર્યવાહી કરવી, તે અંગે સભા સમક્ષ પ્રસ્તાવ મૂક્યો હતો.

લંબાણ પૂર્વકની તમામ તલસ્પર્શી પાસાઓની ચર્ચા-વિચારણા બાદ આથી ઠરાવવામાં આવે છે કે હાઇર્કોટના વકીલશ્રીનું માર્ગદર્શન મેળવી સંબંધિત ટ્રસ્ટ બાબતે આગળની ઘટીત કાર્યવાહી સત્વરે હાથ ધરવી.

નંબરઃ કે.૪/ ૯૨૦
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૨૪/૦૫/૨૦૧૯

કા. કુલસચિવ

પ્રતિ, સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.